# ગણેશોત્સવ અને ભાદરવી પૂનમ બાદ નવરાત્રીનો માહોલ બંધાઈ રહ્યો છે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરમાં અત્યાર સુધી ગણેશોત્સવ અને ભાદરવી પૂનમના કારણે ધાર્મિક માહોલ છવાયો હતો. આ બંને ઉત્સવો હવે પૂર્ણતાના આરે છે ત્યારે શહેરમાં નવરાત્રીના પડધમ શરૂ થઈ ચુક્યા છે. આયોજક મંડળોથી લઈને ખેલૈયાઓ ગરબાની તૈયારીમાં જોતરાઈ ગયા છે.

ગાંધીનગરથી અંબાજી નજીક હોવાથી અહીં ભાદવી પૂનમનો અદ્‌ભુત માહોલ દર વર્ષે સર્જાય છે. વળી પગપાળા જતા ભાવિકો પૈકી ઘણા ગાંધીનગરમાંથી પસાર થતા હોઈ સેવાકેન્દ્રોનો ધમધમાટ પણ આ દિવસોમાં જોવા મળે છે. આ વર્ષે ગણેશોત્સવના કારણે પણ અદ્‌ભુત માહોલ સર્જાયો હતો. શહેરના ઘણા સ્થળોએ સાર્વજનિક ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. તો કેટલાક વસાહતીઓએ ઘરે જ ગણપતિ સ્થાપન કર્યું હતું. આવતીકાલે આ બંને મહોત્સવની પૂર્ણાહુતિ થઈ જશે. પગપાળા યાત્રિકો અંબાજી પહોંચી ગયા હોવાથી ભાદરવી પૂનમનો માહોલ ઓસરી રહ્યો છે. આ બંને ધાર્મિક મહોત્સવો પૂર્ણતાના આરે છે ત્યારે ધીમે ધીમે નવરાત્રીનો માહોલ જામતો જાય છે. નોરતા શરૂ થવાને હવે ઘણા થોડા દિવસો રહ્યા હોવાથી તેના આયોજનોનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. શહેરમાં ઘણા સેક્ટરોમાં નવરાત્રી મંડળ દ્વારા ગરબાનું આયોજન થાય છે. આ ઉપરાંત વર્ષે બે થી ત્રણ સ્થળોએ પાર્ટીપ્લોટના ગરબા યોજાશે તેની તૈયારીઓ થઈ રહી છે. નવરાત્રી મંડળોથી લઈને પાર્ટીપ્લોટના ગરબાના આયોજકો સ્પોન્સર્સથી લઈને ડેકોરેશન જેવી બાબતો પર ધ્યાન આપી રહ્યા છે. લગભગ દરરોજ નવરાત્રીના આયોજન માટે જ બેઠકો યોજાઈ રહી છે. આયોજકો તો વ્યસ્ત છે જ તેમની સાથે સાથે ખેલૈયાઓ પણ અતિ ઉત્સાહિત છે.

**સેક્ટરોના નવરાત્રી મંડળોથી લઈને પાર્ટી પ્લોટના ગરબાના આયોજકોની મીટીંગોનો દોર ચાલી રહ્યો છે**

આ વર્ષે શહેરમાં દર વર્ષ કરતા વધુ નવરાત્રી ગરબા ક્લાસીસ શરૂ થયા છે. ન્યુ ગાંધીનગર જેવા વિસ્તારમાં પણ આ વર્ષે ચાર-પાંચ સ્થળોએ ગરબાના ક્લાસીસ ચાલી રહ્યા છે. આ ઉપરાંત સેક્ટર-૧૧, સેક્ટર-૨૧, સેક્ટર-૧૬માં ઘણા સ્થળોએ નવા નવા ગરબા ક્લાસીસ શરૂ થયા છે. જેમાં આખો દિવસ ગરબાની પ્રેક્ટીસ ચાલે છે. ખેલૈયાઓને હવે સારા ગરબા કરવાની સાથે ઈનામોનો મોહ લાગ્યો હોવાથી તેઓ ગરબા ક્લાસીસમાં જોડાય છે. બાળકોની સાથે હવે તેમની મમ્મીઓ પણ ક્લાસીસમાં જોડાય તેવો ટ્રેન્ડ ગાંધીનગરમાં શરૂ થયો છે. આ વર્ષે થઈ રહેલી તૈયારીઓ જોઈએ એવુ ચોક્કસ કહી શકાય કે નવરાત્રી મહોત્સવની ઉજવણી ગાંધીનગરમાં ખુબ ધામધૂમ ભરી હશે.

# ગુડા દ્વારા ૩૯ ગામોના નવા ડેવલોપમેન્ટ પ્લાનનો આખરી ઓપ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા વર્ષ ૨૦૧૪માં અમલી કરાવવામાં આવનાર પુનરાવર્તીત વિકાસ યોજનાના ભાગરૂપે સત્તામંડળ વિસ્તારમાં આવેલા ગામો સાથે ચર્ચા વિચારણા અને અભિપ્રાય મેળવવા માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે. ગુડા દ્વારા તેનો નવો ડેવલોપમેન્ટ પ્લાન તૈયાર કરવાની કામગીરી દેશની નામાંકિત એવી સેપ્ટ યુનિવર્સિટીને સોંપાયેલ છે, જે અનુસાર આ યુનિવર્સિટી દ્વારા પુનરાવર્તીત વિકાસ યોજના માટે જરૂરી એવા પ્રારંભિક સર્વેની કામગીરી પૂર્ણ કરેલ છે. તેમજ હવે બીજા તબક્કાના આયોજનનાં ભાગરૂપે સત્તામંડળ હેઠળ આવેલા ૩૯ ગામોના સરપંચશ્રી, તલાટીઓ, સેપ્ટ યુનિવર્સિટીના પ્રોફેસર્સ, તથા ગુડાના ઉચ્ચ અધિકારીશ્રીઓના સંયુક્ત બેઠકનું તા. ૨૬-૯-૨૦૧૨ના રોજ આયોજન કરવામાં આવેલ હતું. જે દરમ્યાન સત્તામંડળ વિસ્તાર હેઠળની મોટાભાગની ગ્રામ પંચાયતોના સરપંચ, તલાટી, પંચાયતના સભ્યશ્રીઓ સહિતના હિત સંબંધીઓ મોટી સંખ્યામાં હાજર રહેલા હતા.

આ પ્રસંગે ગુડાના અધ્યક્ષ શ્રી અશોક ભાવસાર દ્વારા ઉપસ્થિત પદાધિકારીઓને સંબોધતાં ગુડા વિસ્તારમાં શરૂ કરેલ ભુગર્ભ ગટર વ્યવસ્થા અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટ થકી નિર્મળ ગુજરાતની મુખ્યમંત્રીશ્રીની સંકલ્પનાને સાકાર કરવા વિકાસ અને સ્વચ્છતાના કામોમાં સહભાગી થવા તેમજ સત્તામંડળની યોજનાઓમાં સહકાર આપવા આહવાન કરેલ હતો. તેમજ ભવિષ્યમાં સત્તામંડળ જે વિકાસ કામો અમલી કરી રહ્યું છે. તેનો લાભ સત્તામંડળ હેઠળની ગ્રામપંચાયતોને પણ મળે તે મુજબ આયોજન કરવામાં આવશે. તેમ જણાવ્યું હતું.

આ વર્કશોપ દરમ્યાન સેપ્ટ યુનિવર્સિટી દ્વારા વિકાસ યોજનાની જરૂરીયાત હેઠળ આવરી લેવામાં આવનાર વિવિધ પાસાઓ તથા આ તમામ કાર્યવાહી માટે પંચાયતો પાસેથી મેળવવાની થતી માહિતી અને તેના મહત્વ વિશે પ્રેઝન્ટેશન દ્વારા વિગતવાર સમજ આપેલ હતી. કાર્યક્રમનાં અંતે સરપંચશ્રીઓ તથા અન્ય સભ્યોશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નોનું નિરાકરણ ગુડા તથા સેપ્ટના અધિકારીઓ દ્વારા કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં ગુડાના મુખ્ય કારોબારી અધિકારી શ્રીમતી મમતા વર્મા, મુખ્ય નગર નિયોજકશ્રીની કચેરીના તથા ગુડા કચેરીના અધિકારીશ્રીઓ તેમજ અન્ય આમંત્રિતો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતા.



## સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ દ્વારા ભક્તિમય ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર ટાઉનહોલ ખાતે રવિવારે રાત્રે શ્રી કષ્ટભંજન દેવ સત્સંગ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ભજન સંધ્યાનો અનોખો કાર્યક્રમ યોજાઈ ગયો. જાણીતા ભજનીક અને સુંદરકાંડનાં વક્તા શ્રી ધવલકુમારનાં કંઠે ગવાયેલા શ્રી હનુમાનજીનાં ભજનો, શ્રી સાંઈભજન, શ્રી કૃષ્ણભજન, શ્રી શીવભજન તેમજ ખૂબ જ જાણીતા ભજનો દ્વારા વાતાવરણ પવિત્ર અને ભક્તિપૂર્ણ બની ગયું હતું. સૌરાષ્ટ્ર-કચ્છ સેવા સમાજ દ્વારા આયોજીત આ ભજનસંધ્યાનું રસપાન કરવા આવેલ દરેક શ્રોતાઓને પવિત્ર સુખડ-ચંદનનું તિલક કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. ગાંધીનગરમાં સૌપ્રથમ વખત ભજન સંધ્યાનો કાર્યક્રમ આપનાર વક્તાશ્રી ધવલકુમાર ૧૨ વર્ષની નોની વયથી જ શ્રી હનુમાનજીના ભક્તિથી પ્રેરાઈ ભજનો ગાતા ગાતા આજે સુંદરકાંડનાં જાણીતા વક્તા તરીકે ખ્યાતિ પામ્યા છે. જેઓ હાલ સંસ્કૃત વિષયમાં પી.એચ.ડી. કરી રહ્યા છે. આ ભક્તિમય સંધ્યાને સુંદર સંગીતનો સાથ મળ્યો હતો જે દ્વારા સર્વે શ્રૌતાઓ ઝૂમી ઉઠ્યા હતા. સૌરાષ્ટ્ર મિત્ર સેવા સમાજ દ્વારા આયોજીત આ ભજન સંધ્યાના મધ્યમાં સર્વે શ્રોતાઓને પ્રસાદી આપવામાં આવી હતી. આ ભજન સંધ્યાનાં ઉદ્‌ઘોષક તરીકે શ્રી કલ્પેશ ઠક્કરે જવાબદારી નીભાવી હતી.

# માણસામાં તરૂણ બારોટની ધરપકડના વિરોધમાં રેલીનું આયોજન : મામલતદારને આવેદનપત્ર આપ્યું

માણસા, તા. ૧

સાદીક જમાલ એન્કાઉન્ટર કેસમાં ધરપકડ કરાયેલા ડી.વાય.એસ.પી. તરૂણ બારોટને ખોટી રીતે સંડોવી ગેરકાયદેસર અટકાયતના સામે વિરોધ દર્શાવા માણસા મામલતદારને તાલુકાના નાગરીકો દ્વારા આવેદન-પત્ર આપવામાં આવ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજ્યના બહુ ચર્ચિત સાદીક જમાલ એન્કાઉન્ટર કેસમાં સી.બી.આઈ. દ્વારા તપાસ બાદ તત્કાલીન પોલીસ અધિકારી તરૂણ બારોટની ધરપકડ સામે વિરોધ નોંધાવા માણસા મામલતદાર ઓફિસ પાસે વેપારી મહામંડળના પ્રમુખ બાબુલાલ બ્રહ્મભટ્ટ, રવિ બ્રહ્મભટ્ટ સહિત તાલુકા અને શહેરના નાગરિકો દ્વારા સુત્રોચ્ચાર સાથે મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું. અને વધુમાં જણાવ્યું હતું કે રાજ્યના બાહોશ અને નિડર પોલીસ અધિકારી તરૂણ બારોટને ખોટી રીતે સંડોવી ગેરકાયદેસર અટક કરેલ છે અને આ રીતે જો વારંવાર અધિકારીઓને હેરાન કરવામાં આવે તો પોલીસનો નૈતિકજુસ્સો તૂટી જશે અને ગુનેગારોની હિંમત વધી જશે. જેથી અમો આવી પ્રવૃત્તિને વખોડી કાઢી વિરોધ નોધાવી રહ્યા છીએ

## વરદાયિની માતાજીનો ૨૪મી ઑકટોબરે રૂપાલમાં પલ્લી મેળો

ગાંધીનગર, તા. ૧

ગુજરાતભરનો સુપ્રસિધ્ધ શ્રી વરદાયિની માતાજીનો પલ્લી મેળો તા. ૨૪મી ઑકટોબરનાં રોજ થનાર છે. આ પલ્લી મેળામાં યાત્રાળુઓને આવવા માટે કલોલ, ગાંધીનગર, માણસા, અમદાવાદથી એસ.ટી.ની સગવડો સ્પેશિયલ રૂટ તરીકે દોડાવાય છે. પલ્લી મેળામાં દુકાનો કરવાના પ્લોટનું વેચાણ તા. ૧૮મી ઑકટોબરે થશે. રૂપાલ ગ્રામ પંચાયતનાં સરપંચ શ્રી શૈલેષકુમાર વીસાભાઈ પટેલે જણાવેલ છે.

## પ્રાંતિજમાં વાલ્મિકી સમાજનો ઋષિ મહોત્સવ ઉજવાયો

પ્રાંતિજ, તા. ૧

પ્રાંતિજમાં છેલ્લા ૫૬ વર્ષથી ઋષિ સમાજ પ્રાંતિજ દ્વારા સ્વપંચ ઋષિ મહોત્સવ સમાજ શ્રેષ્ઠી શ્રી કે.પી. સોલંકીના અધ્યક્ષ સ્થાને અને દાતા શ્રી અતુલભાઈ પરમાર કાંકણોભવાળાના મુખ્ય મહેમાન પદે યોજાયો. નગરમાં ઋષિ પાલખીને સ્વાગત કરવા માટે હિન્દુ-મુસ્લિમભાઈઓ ઠેર ઠેર હાજરી આપી હતી. પ્રાંતિજમાં યોજાતા ઋષિ મહોત્સવમાં સમાજનો માનવ મહેરામણ ઉમટતો રહે છે. વાલ્મિકી સમાજ માટે આ પર્વ દિવાળી કે ઈદ જેટલું મહત્ત્વનું છે.

## ગુજરાત હિત પાર્ટીની ૭મીએ જાહેર સભા યોજાશે

ગાંધીનગર, તા. ૧

ગુજરાત હિત પાર્ટીના અધ્યક્ષ ભીમજીભાઈ પ્રજાપતિએ અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગરમાં સેકટર-૨૪ મેલડી માતાના મંદિર પાસેના મેદાનમાં તા. ૭મી ઓકટોબર ૨૦૧૨ના રોજ જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું છે.

વિધાનસભાની ચૂંટણીમાં ૧૨૦ બેઠકો પર ઉમેદવારો ઊભા રાખવા તથા ગુજરાતમાં ગુજરાત હિત પાર્ટીને મત આપવા પાર્ટીના અધ્યક્ષ દ્વારા જણાવાયું છે.

તેમણે ખેડૂતોના સંપૂર્ણ દેવા માફ, બાલમંદિરથી ડીગ્રી સુધીનું શિક્ષણ મફત અને સરકારી કર્મચારીનો ૩૦ ટકા પગાર વધારો વગેરે મુદ્દાઓને ધ્યાનમાં રાખી ૭મી ઓકટોબરે બપોરે ૧ કલાકે જાહેર જનતાને ભાવભર્યું આમંત્રણ આપ્યું છે.

# સેકટર-૨૬માં ધાર્મિક સ્થાન માટે મધ્યમાં જગ્યાની ફાળવણી

## સે. ૨૩માં વિરાટનગર સોસાયટીને બગીચા માટે જગ્યા ફાળવાઈ

## માર્ગ-મકાન મંત્રીનો આભાર માનતા ભાજપના કાઉન્સીલરો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરના સે. ૨૬માં ધાર્મિક સ્થળ માટેનો પ્લોટ સેક્ટરની મધ્યમાં ફાળવવા તેમજ સે. ૨૩ની સૌથી જૂની સોસાયટી વિરાટનગરમાં જાહેર ઉદ્યાન માટે જગ્યા ફાળવવાની માંગણીનો રાજ્યના માર્ગ-મકાન મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે સ્વીકાર કર્યો છે.

માર્ગ-મકાન મંત્રી શ્રીમતિ પટેલે વસાહતીઓની આ લાગણી સ્વીકારી તે માટે અભિનંદન સહ આભાર માનતાં ભાજપના કાઉન્સીલરો શ્રી પ્રકાશ પટેલ, શ્રી સુરેશ મહેતા, શ્રી દેવેન્દ્રસિંહ ચાવડા તેમજ શ્રીમતિ જાગૃતિબેન પુરોહિત અને શ્રીમતિ પ્રવિણાબેન દરજીએ જણાવ્યું છે કે આને કારણે સેક્ટરોના રહીશોને સીધો ફાયદો થશે તેમજ પર્યાવરણની સુરક્ષા અભિયાનને પણ નવો વેગ મળશે.

આ કાઉન્સીલરોએ જણાવ્યું છે કે સે. ૨૬માં ધાર્મિક સ્થાન માટેની જગ્યા સેક્ટરથી દૂર બનાવવામાં આવી હતી અને રહીશોએ આ જગ્યા સેકટરની મધ્યમાં ફાળવવામાં આવે તે માટે રજુઆત કરી હતી.

સેક્ટરના રહીશોની માંગણીમાં મંત્રીશ્રીને તપાસને અંતે તથ્ય જણાતાં તેમણે આ જગ્યા સેક્ટરની મધ્યમાં ફાળવવા અંગેના જરૂરી હુકમો પણ કરી દીધા છે જેનાથી સેક્ટરના રહીશોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

આજ પ્રમાણે સે. ૨૩ વિરાટનગરમાં ઉદ્યાન માટેની જગ્યા અંગેની વારંવારની રજુઆતોનો પણ સરકારે સ્વીકાર કર્યો છે અને તે માટે પણ આ કાઉન્સીલરોએ આભારની લાગણી વ્યક્ત કરી છે. હવે આ ઉદ્યાનમાં બાળકોને રમવાની સુવિધા તેમજ વૃદ્ધોને બેસવા સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવી અને વૃક્ષ ઉછેર કરવામાં આવશે.

# સે. ૨૬ અને ૨૭માં ડહોળા પાણી સામે ભારે રોષ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરના સે. ૨૬ અને સે. ૨૭માં આજે સાંજે અપાયેલા પાણીના પુરવઠામાં ડહોળાશનું પ્રમાણ વધુ પડતુ જોવા મળતાં સેક્ટરના રહીશોમાં ભારે રોષની લાગણી ઉભી થવા પામી છે.

શહેરમાં ડહોળા પાણીની સમસ્યા સામાન્યતઃ ચોમાસા દરમ્યાન વધુ પડતી હતી પરંતુ પાછળથી આ સમસ્યા હલ થઈ ગઈ હતી. જો કે આજે સાંજે અપાયેલા નિયમિત પાણી પુરવઠામાં પુનઃ એકવાર ડહોળુ પાણી આવતાં રહીશોમાં રોષની લાગણી પ્રસરી જવા પામી છે.

શહેરના સીમાડે આવેલા સે. ૨૬ અને ૨૭માં આજે સાંજે એટલુ ડહોળુ પાણી આપવામાં આવ્યું હતું કે રહીશોને પીવાના પામી માટે બહારથી બોટલો ખરીદવી પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. પાણીની ડહોળાશ ઠરવાનું નામ લેતી નહિ હોવાનું પણ રહીશોએ જણાવી કહ્યુ હતુ કે ન્હાવા માટે ઉપીયોગમાં લઈ શકાય તેવું પણ આ પાણી નથી.

આ મુદ્દે કાઉન્સીલરો શ્રી દેવેન્દ્રસિંહ ચાવડા, પ્રકાશ પટેલ અને જાગૃતિબેન પુરોહિતે સત્તાવાળાઓનું ધ્યાન દોરવાની હૈયાધારણા સેક્ટરોના રહીશોને આપી હતી.

# દહેગામ-હાલીસા માર્ગ પર સી.સી. રોડનું કામ હાથ ધરાશે

## ગામ તરફના માર્ગો પર પાણીનો ભરાવો અટકાવવા એક કરોડનો ખર્ચ થશે

ગાંધીનગર, તા. ૧

દહેગામ-હાલીસા અને ડભોડા-વડોદરા માર્ગ પર પાણીનો ભરાવો અટકાવવા સી.સી. રોડ બનાવવાનું કામ હાથ ધરવામાં આવશે. સી.સી. રોડ બનાવવાની આ કામગીરી પાછળ રૂ.૧ કરોડનો ખર્ચ થશે.

શહેરી વિસ્તારમાં માર્ગ નવીનીકરણના કામો સાથે જિલ્લાના વિવિધ માર્ગોને સુધારવા પણ તબક્કાવાર કામોને મંજુરી આપવામાં આવી રહી છે. થોડા સમય અગાઉ વડસર ખાત્રજ-ભીમાસણ તેમજ કલોલ-સાણંદ માર્ગના વાઈડનીંગ માટે રૂ. ૧૯.૫૦ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી હતી. માર્ગ વાઈડનીંગના આ કામને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. આગામી દિવસોમાં આ માર્ગને ૧૦ મીટર સુધી પહોળો કરવાનું કામ શરુ કરી દેવાશે. આ ઉપરાંત વાવોલ-ઉવારસદ માર્ગને સુધારવા પાછળ પણ રૂ. ૬.૩૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

પાટનગર યોજના વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર જિલ્લાના ગામ તરફના અમુક માર્ગો પર વરસાદી પાણીનો ભરાવો થતા માર્ગોનું ધોવાણ થતું હોવાનું ધ્યાને આવતા આ સમસ્યા નિવારવા તંત્ર દ્વારા માર્ગના અમુક ભાગમાં આર.સી.સી.નું કામ હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. જેમાં દહેગામ-હાલીસા માર્ગના ૪૦૦ મીટર વિસ્તારમાં પાણીના ભરાવાની સમસ્યા હલ કરવા રૂ. ૫૦ લાખના ખર્ચે સી.સી. રોડ બનાવવામાં આવનાર છે. આ ઉપરાંત ડભોડા-વડોદરા માર્ગ ઉપર પણ રૂ. ૪૫ લાખના ખર્ચે સી.સી. રોડનું કામ હાથ ધરાશે.

# ગાંધીનગર સેકટર-૭-ડી નવરાત્રિ મહોત્સવ સમિતિના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરના સેકટર-૭-ડીની શહેરીજન સંસ્થા દ્વારા નવરાત્રિ મહોત્સવ સમિતિની રચના કરવામાં આવી છે. ૧૬મી ઓકટોબરથી શરૂ થતી નવરાત્રિના ઉત્સવને મનાવવા તથા આયોજન કામગીરી માટે સમિતિના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

નવરાત્રિ ઉત્સવ સમિતિના મુખ્ય વ્યવસ્થાપક તરીકે કે.ઓ. વ્યાસ, સહ વ્યવસ્થાપક તરીકે ડૉ. ભાલચંદ્ર ઠાકર, પ્રવીણભાઈ રાજવીર, સલાહકાર તરીકે અમરનાથભાઈ ભટ્ટ, ધીરેનભાઈ શાહ, કોષાધ્યક્ષ તરીકે વ્યવસ્થાપક સમિતિના સભ્ય જયંતભાઈ ભટ્ટ, મહિલા પાંખમાં કાર્યકારી પ્રમુખ તરીકે ડૉ. સુધાબેન ઠાકર, ઉપપ્રમુખ તરીકે પુષ્પાબેન વ્યાસ, રંજનબેન પંડયા તથા કારોબારી સભ્યો તરીકે રમાબેન સોલંકી, ભારતીબેન કારીયા, જયશ્રીબેન જોષી અને સલાહકાર તરીકે ભાનુબેન ભટ્ટ ફરજ બજાવશે. યુવા મહિલા પાંખના કેતકીબેન વ્યાસ, કોમલબેન વ્યાસ, ઉર્વિબેન રાજવીર, મીતાબેન સોલંકી, શોભાબેન શાહ, જયોતિબેન ઠકકર, જીનલબેન જોષી અને ત્રિપદાબેન પંડયા રોજેરોજના કાર્યક્રમ તૈયાર કરશે અને નવરાત્રિની ઉજવણીમાં યોગ્ય યોગદાન આપશે.

# રખડતા ઢોરોથી ત્રસ્ત બનેલા સેક્ટર-૪ના વસાહતીઓ

ગાંધીનગર શહેરમાં વસતા નગરજનો રખડતી ગાયો, વાછરડા, ભેંસો, આખલાઓ અને અન્ય પશુઓથી ત્રાસી ગયા છે. ખાસ તો સેક્ટર-૪-બી અને સેક્ટર-૪-સી વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી રખડતાં ઢોરોનો ત્રાસ વધી ગયો છે. જાહેર માર્ગો તો ઠીક પણ વસાહત વિસ્તારમાં પણ નાના-મોટા ખૂણે ખાંચરે ગોબર, ગંદકી અને રસ્તા વચ્ચે ટોળામાં ઉભા રહી મુશ્કેલી ઉભી કરી રહ્યા છે.

સેક્ટર-૪ ખાસ કરીને ખ-રોડની આસપાસ, ખાસ કરીને ખ-દોઢની આસપાસના કોમન પ્લોટો તથા રસ્તાઓ ઉપર આખો દિવસ છૂટી ગાયો અને આખલાઓ રખડતાં હોય છે. આનાથી સમગ્ર વિસ્તારમાં ખૂબ જ ગંદકી થાય છે અને રોગચાળાનો ભય રહે છે. કોર્પોરેશન દ્વારા જ્યારે સીધી કે આડકતરી રીતે ઘેર-ઘેરથી નિયમિત કચરો લેવાની વ્યવસ્થા ગોઠવાઈ જ છે ત્યારે ચોમાસાની ઋતુમાં છૂટા રખડતા ઢોરના ત્રાસથી સમગ્ર વિસ્તારમાં ગંદકી ફેલાય છે અને રોગચાળો ફાટી નિકળવાનો ભય રહ્યો છે. ગાયો અને આખલાઓ સતત દિવસ-રાત રખડતાં હોવાથી સિનીયર સિટીઝન તથા નાના બાળકોને ગમેત્યારે ભેટુ મારીને ધક્કે ચડાવીને ઈજા પહોંચાડવાના બનાવો અવારનવાર બનવા પામે છે.

રખડતા આખલાઓ, ગાયોને લીધે નાના-નાના બાળકો, વૃદ્ધોમાં ભયની લાગણી પ્રવર્તી છે. તંત્ર દ્વારા આ રખડતા ઢોરોને પકડીને સ્થાનિક રહીશોમાં પ્રસરેલા ભયને દૂર કરવા નગરજનોએ લાગણી વ્યક્ત કરી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૧
સૂર્યાસ્ત : ૬.૩૨

## તાપમાન

મહત્તમ : ૩૬.૮ ડિ.સે. લઘુત્તમ : ૨૪.૦ ડિ.સે.
મોસમ કુલ વરસાદ : ૭૦૭ એમ.એમ.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૦ ટકા ● સાંજે ૪૬ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
ઓહ ! માય ગૉડ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
રેસીડેન્ટ ઈવીલ (હિન્દી) : ૧૦.૩૦, ૫.૩૦
કમાલ ધમાલ માલામાલ : ૧૨.૦૦, ૨.૪૫, ૭.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
રેસીડેન્ટ ઈવીલ (હિન્દી) : ૧૨.૦૦, ૨.૦૦, ૭.૪૫
હિરોઈન : ૩.૪૫
ઓહ ! માય ગૉડ : ૯.૩૦

: સ્ક્રીન-૪ :
કમાલ ધમાલ માલામાલ : ૧૦.૦૦
બર્ફી : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦
હિરોઈન : ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ઓહ ! માય ગૉડ : ૯.૦૦, ૬.૦૦, ૧૦.૩૦
રેસીડેન્ટ ઈવીલ ૫ઃ રેટ્રીબ્યુશન ૩ડી(હિન્દી) : ૧૧.૩૦, ૪.૧૫, ૮.૩૦

: સ્ક્રીન-૨ :
ઓહ ! માય ગૉડ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫

: સ્ક્રીન-૩ :
કમાલ ધમાલ માલામાલ : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૩૦

: સ્ક્રીન-૪ :
બર્ફી : ૧૦.૪૫, ૧.૪૫, ૪.૩૦
હિરોઈન : ૭.૧૫
કમાલ ધમાલ માલામાલ : ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

કમાલ ધમાલ માલામાલ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઓહ ! માય ગૉડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
કમાલ ધમાલ માલામાલઃ ૧૦.૩૦, ૧૦.૩૦
ઓહ ! માય ગૉડ : ૧.૩૦, ૪.૧૫, ૭.૩૦

: સ્ક્રીન-૨ :
ઓહ ! માય ગૉડ : ૧૦.૪૫, ૧૦.૧૫
કમાલ ધમાલ માલામાલઃ ૨.૦૦, ૪.૩૦, ૭.૧૫

: સ્ક્રીન-૩ :
હિરોઈન : ૧૦.૩૦, ૪.૦૦, ૧૦.૦૦
બર્ફી : ૧.૧૫, ૭.૦૦

### ચિરાગ, કલોલ

કમાલ ધમાલ માલામાલ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### સામાજિક

- ગાંધીજયંતિ નિમિતે રોટરી કલબ ઓફ ગાંધીનગર અને ગેઝીયા આયોજિત સાયકલ મહાયાત્રાનું વિવિધ સ્થાનેથી પ્રસ્થાન કરવામાં આવશે. જેમાં ચ-૬ના સર્કલ પાસેથી સવારે ૮.૦૦ કલાકે, વિધાનસભા પાસેથી ૮.૩૦ કલાકે અને ચ-૨ સર્કલ પાસેથી ૮.૩૦ કલાકે.
- ગાંધીજયંતિ નિમિતે કલાગુર્જરી દ્વારા ગાંધીજીને ભાવાંજલીનો કાર્યક્રમ ગાંધીનગર ટાઉન હોલ સામેની લોનમાં સવારે ૬.૩૦ કલાકે.
- ગાંધીજયંતિ નિમિતે ગાંધી મિત્રવર્તુળ ગાંધીનગરના ઉપક્રમે 'ગાંધી ગીતોની ભજન સંધ્યા'નો કાર્યક્રમ ૬૧/૧, નિસર્ગ સાયન્સ સેન્ટર, સેકટર-૨૩ ખાતે સવારે ૬.૩૦ કલાકે.
- સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ ગાંધીનગર દ્વારા ગાંધીજયંતિ નિમિતે સેકટર-૨૧માં આવેલ મહારાષ્ટ્ર ભવન ખાતે સવારે ૯.૦૦ કલાકે રકતદાન શિબિર.

## આપની આજ

**મેષ** : સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. વેપાર ક્ષેત્રે ભાગીદારીમાં સંભાળવું. વડીલોનું માર્ગદર્શન કાર્યક્ષેત્રે ઉપયોગી સાબિત થઈ શકે છે.

**વૃષભ** : વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય. કુટુંબીજનો સાથે આનંદમયરીતે સમય પસાર થઈ શકે છે. સમય શુભ.

**મિથુન** : આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વાહન -જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે. સમય સાનુકૂળ.

**કર્ક** : માનસિક ચિંતા હળવી બનતી જણાય. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે. સ્નેહીજનો- મિત્રો સાથે મુલાકાત થઈ શકે.

**સિંહ** : દિવસ આનંદમયરીતે પસાર થઈ શકે છે. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. સમય મધ્યમ.

**કન્યા** : આર્થિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે.સંતાન સંબંધી પ્રશ્નોના ઉકેલ આવી શકે છે. દિવસ શાંતિથી પસાર કરવો.

**તુલા** : નોકરી -વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી નીવડી શકે છે. કૌટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે.

**વૃશ્ચિક** : ભૌતિક સુખ- સુવિધામાં વધારો થઈ શકે છે. સ્નેહીજનો- મિત્રો સાથે મુલાકાત થઈ શકે. સમય શુભ.

**ધન** : ભાગ્યોદયની તક મળી શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય. કુટુંબીજનો સાથે આનંદમયરીતે સમય પસાર થઈ શકે છે. સમય શુભ.

**મકર** : આરોગ્યની કાળજી રાખવી. સામાજિક જવાબદારી હળવી બનતી જણાય. વડીલોનું માર્ગદર્શન નોકરી- વેપાર ક્ષેત્રે ઉપયોગી સાબિત થઈ શકે છે.

**કુંભ** : દિવસ આનંદમયરીતે પસાર થઈ શકે છે. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. સમય મધ્યમ.

**મીન** : આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે.કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે. સમય સાનુકૂળ.

## ચિરવિદાય

- સ્વ. વિષ્ણુપ્રસાદ શંભુરામ નાયી (ઉ.વ. ૬૨) એમ-૧૧/૧૨૨, શિવમ એપાર્ટમેન્ટ, સેકટર-૨૪, ગાંધીનગર.
- સ્વ. ગોપાલભાઈ ચૂંથાજી વાઘેલા(ઉ.વ. ૩૬) પ્લોટ નં. ૨૩૫/૨, સેકટર-૫, ગાંધીનગર.
- સ્વ. રાજેન્દ્ર સીતાશરણ દ્વિવેદી (ઉ.વ. ૩૫) પ્લોટ નં. ૫૨/૨, સેકટર-૩/એ-ન્યુ, ગાંધીનગર.